# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

****************************************************

1) બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળને જોડતી એક રેલવે લાઇનના ડબલિંગને કેન્દ્ર સરકારની મંજૂરી

2) કેન્દ્રીય રાજ્યમંત્રી દુર્ગાદાસ ઉઇકેએ નવી દિલ્હીમાં વિશ્વની પ્રથમ ડિજિટલ આદિજાતિ વિશ્વવિદ્યાલય - આદિ સંસ્કૃતિનું ઉદ્ઘાટન કર્યું

3) આગામી પાંચ દિવસ પૂર્વ અને દ્વિપકલ્પીય ભારતમાં ભારે વરસાદની આગાહી

4) ફ્રાન્સમાં આજે રાષ્ટ્રપ્રમુખ અને તેમની સરકાર વિરુદ્ધ દેશવ્યાપી વિરોધ પ્રદર્શન થયા

5) દુબઈમાં એશિયા કપ ક્રિકેટ સ્પર્ધામાં ભારતનો સામનો સંયુક્ત આરબ અમીરાત સામે થશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV. CABINET BRIEFING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ બિહાર , ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં ભાગલપુર-દુમકા- રામપુરહાટ સિંગલ રેલવે લાઇન સેક્શનના 177 કિલોમીટર લાંબા ડબલિંગને મંજૂરી આપી છે , જેનો કુલ ખર્ચ આશરે ત્રણ હજાર 169 કરોડ રૂપિયાનો છે. મંત્રીમંડળે બિહારના બક્સર-ભાગલપુર હાઇ-સ્પીડ કોરિડોરના ચાર માર્ગીય ગ્રીનફિલ્ડ એક્સેસ-નિયંત્રિત મોકામા-મુંગેર સેક્શનના નિર્માણને પણ મંજૂરી આપી છે , જેની કુલ લંબાઈ 82 કિલોમીટરથી વધુ છે અને કુલ મૂડી ખર્ચ 4 હજાર 447 કરોડ રૂપિયાથી વધુ છે.

મંત્રીમંડળ સમિતિના નિર્ણય અંગે આજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે , આ કામગીરી લાઇન ક્ષમતા ગતિશીલતામાં સુધારો કરશે , ભારતીય રેલવે માટે કાર્યક્ષમતા અને વિશ્વસનીયતામાં વધારો કરશે.

**(બાઇટ : VAISHNAV-NEW-BHAGALPUR)**

બક્સર-ભાગલપુર હાઇ-સ્પીડ કોરિડોર બિહારના મોકામા-મુંગેર વિભાગ પર પ્રકાશ પાડતા , શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે આ વિભાગ મોકામા , બરહિયા, લખીસરાય, જમાલપુર, મુંગેર જેવા મહત્વપૂર્ણ પ્રાદેશિક શહેરોમાંથી પસાર થાય છે, જે ભાગલપુર સાથે જોડાય છે. તેમણે જણાવ્યું હતું કે 82 કિલોમીટર લાંબા પ્રસ્તાવિત પ્રોજેક્ટથી લગભગ 14 લાખ 83 હજાર માનવદિવસની પ્રત્યક્ષ રોજગારી અને 18 લાખ 46 હજાર માનવદિવસની પરોક્ષ રોજગારીનું સર્જન થશે.

**(બાઇટ : VAISHNAW---MOKAMA-MUNGER)**

. . . . .

# DURGADAS UIKEY-ADI SANSKRITI

આદિજાતિ બાબતોના રાજ્યમંત્રી દુર્ગાદાસ ઉઇકેએ આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વિશ્વની પ્રથમ ડિજિટલ આદિજાતિ વિશ્વવિદ્યાલય - આદિ સંસ્કૃતિનું ઉદ્ઘાટન કર્યું. આ વિશ્વવિદ્યાલય વિશે પ્રકાશ પાડતા , શ્રી ઉઇકેએ જણાવ્યું હતું કે આદિ સંસ્કૃતિ એક ડિજિટલ એકેડેમી અને ઇ-લર્નિંગ મંચ છે જે રાષ્ટ્રીય અને વૈશ્વિક પ્રેક્ષકો માટે આદિવાસી કલા સંસ્કૃતિ , હસ્તકલા અને જ્ઞાન પ્રણાલીઓ માટે ઓનલાઇન બજાર ધરાવે છે.

તેમણે ઉમેર્યું હતું કે તે સાંસ્કૃતિક સંરક્ષણ અને આજીવિકાના સર્જન માટે નવી તકો ઊભી કરશે. સંકલિત આદિજાતિ વિકાસ એજન્સીના પ્રોજેક્ટ અધિકારીઓ સાથે આદિ કર્મયોગી અભિયાન પર રાષ્ટ્રીય પરિષદને સંબોધતા , મંત્રીએ જણાવ્યું હતું કે આદિવાસી વારસાનું જતન ફક્ત સંસ્કૃતિનું રક્ષણ કરવા વિશે નથી , પરંતુ પાયાના સ્તરે ગૌરવ, સશક્તિકરણ અને તકો સુનિશ્ચિત કરવા વિશે પણ છે.

. . . . . . . . . . . . .

# AMIT SHAH SANAND

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વર્ચ્યૂઅલ માધ્યમથી આજે અમદાવાદના સાણંદ વિધાનસભા વિસ્તારમાં અંદાજે ૪0 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે ખાતરી આપી કે, વર્ષ 2029 સુધી સાણંદ વિધાનસભા વિસ્તારનું કોઈ પણ ગામ પાયાની સુવિધાથી વંચિત નહીં રહે તેવા પ્રકારનું કામ કરાશે. બાવળા અને સાણંદ નગરપાલિકામાં બાકી રહેલી સુવિધા આગામી ચાર વર્ષમાં અપાશે.

(બાઈટઃ અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

. . . . . . . . . . . . .

# GST-MRP

GST દરોમાં તાજેતરના ફેરફાર બાદ , કેન્દ્ર સરકારે અગાઉથી પેક કરેલી ચીજવસ્તુઓના ઉત્પાદકો, પેકર્સ અને આયાતકારોને 31 ડિસેમ્બર સુધી વેચાયેલા સ્ટોક પર સુધારેલા મહત્તમ છૂટક ભાવ-MRP જાહેર કરવાની મંજૂરી આપી છે.

ગ્રાહક બાબતોના મંત્રાલયના નોટિફિકેશન મુજબ , કંપનીઓ જૂના સ્ટોક પર સ્ટેમ્પિંગ, સ્ટીકરોનો ઉપયોગ કરીને અથવા ઓનલાઈન પ્રિન્ટિંગ દ્વારા MRP સુધારી શકે છે. જો કે , મૂળ MRP દૃશ્યમાન રહેવી જોઈએ અને કોઈ પણ વસ્તુને ઓવરરાઈટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં. સરકારે સ્પષ્ટતા કરી છે કે MRPમાં કોઈપણ વધારાનો સુધારો ફક્ત કર વધારાની હદને પ્રતિબિંબિત કરે છે , જ્યારે કર ઘટાડાના કિસ્સામાં , સુધારેલી કિંમત ઘટાડેલી રકમથી વધુ ન હોવી જોઈએ.

. . . . . . . . . .

# BIHAR-PENSION

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે પટનાથી DBT દ્વારા વિવિધ સામાજિક સુરક્ષા પેન્શન યોજનાઓના લાભાર્થીઓને પેન્શન રકમ તરીકે એક હજાર 264 કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા.

સામાજિક સુરક્ષા પેન્શન યોજના હેઠળ , એક કરોડ 13 લાખથી વધુ પેન્શન લાભાર્થીઓને આ રકમ ટ્રાન્સફર કરવામાં આવી. હવે, સુધારેલી જોગવાઈઓ હેઠળ, લાભાર્થીઓને દર મહિને એક હજાર 100 રૂપિયા આપવામાં આવી રહ્યા છે , જ્યારે પહેલા તેમને દર મહિને 400 રૂપિયા મળતા હતા.

મુખ્યમંત્રીએ પટનાથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા લાભાર્થીઓ સાથે વાતચીત પણ કરી હતી.

.......

# GST REFORMS- EDUCATION

સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લાની પ્રાચીર પરથી , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિવાળી સુધીમાં આગામી પેઢીના GST સુધારાઓની જાહેરાત કરી. 3 સપ્ટેમ્બરના રોજ GST પરિષદે દરોને તર્કસંગત બનાવવા , અનેક ક્ષેત્રોમાં કર દર ઘટાડવા , નાગરિકોના જીવનને સરળ બનાવવા આ સુધારાઓને મંજૂરી આપી. આજે , આપણે જોઈશું કે આ સુધારાઓ શિક્ષણ ક્ષેત્રને કેવી રીતે મદદ કરે છે.

(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)

(કેન્દ્ર સરકારે સ્ટેશનરીની ચીજવસ્તુઓને GST દરોમાંથી મુક્તિ આપીને શિક્ષણ ક્ષેત્ર માટે મોટી રાહતની જાહેરાત કરી છે. નવા સુધારા હેઠળ , પેન્સિલો, સંચા, ક્રેયોન્સ એટ્લે કે ચિત્રકામ માટે વપરાતી મીણની પેન્સિલ , લેખન પુસ્તકો, ગ્રાફ પુસ્તકો , નકશા અને ચાર્ટ જેવી સ્ટેશનરી વસ્તુઓને અગાઉના 12 ટકા GSTમાંથી મુક્તિ આપવામાં આવી છે , જ્યારે રબર પર GST 5 ટકાથી ઘટાડીને શૂન્ય કરવામાં આવશે. એક વિદ્યાર્થીએ શિક્ષણ ક્ષેત્રમાં નવા GST સુધારાઓ રજૂ કરવા બદલ સરકારની પ્રશંસા કરી.)

સૌમ્યા શરનના અહેવાલ સાથે હું મયુર સોલંકી આકાશવાણી અમદાવાદ

. . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .

# AIIMS DELHI-WELLNESS PROGRAM

અખિલ ભારતીય તબીબી વિજ્ઞાન સંસ્થા- AIIMS, નવી દિલ્હીએ આજે વિદ્યાર્થીઓની આત્મહત્યાનો સામનો કરવા અને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ સુધારવા માટે "નેવર અલોન" નામનો AI-આધારિત માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી કાર્યક્રમ શરૂ કર્યો છે.

વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ પર શરૂ કરાયેલ આ કાર્યક્રમ , વોટ્સએપ દ્વારા સુલભ વેબ-આધારિત એપ્લિકેશન દ્વારા માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતો સાથે 24 કલાક વર્ચ્યુઅલ અને ઑફલાઇન સલાહ પ્રદાન કરે છે. આ એપ્લિકેશન 5 હજાર વિદ્યાર્થીઓ ધરાવતી સંસ્થાઓ માટે પ્રતિ વિદ્યાર્થી માત્ર 70 પૈસાના દરે વ્યક્તિગત અને સુરક્ષિત માનસિક સ્વાસ્થ્ય તપાસ પૂરી પાડે છે.

. . . . . .

# IMD WEATHER

હવામાન વિભાગે આગામી 4-5 દિવસ દરમિયાન પૂર્વ અને દ્વીપકલ્પીય ભારતમાં ભારે વરસાદની આગાહી કરી છે. 16 સપ્ટેમ્બર સુધી ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ઓડિશા, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, આસામ અને મેઘાલયમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. જ્યારે 14 સપ્ટેમ્બર સુધી ઉત્તર પ્રદેશ , જમ્મુ અને કાશ્મીર , હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં કેટલાક સ્થળોએ વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદ અને છૂટાછવાયા ભારે વરસાદની સંભાવના છે.

આગામી પાંચ દિવસ સુધી કર્ણાટક , દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ , યાનમ, તેલંગાણા, કેરળ અને માહેમાં પણ આવી જ હવામાન પરિસ્થિતિઓ રહેવાની સંભાવના છે.

. . . . .

# FRANCE PROTEST

ફ્રાન્સમાં આજે રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન અને તેમની સરકાર વિરુદ્ધ દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો થયા. ગઈકાલે મેક્રોનના વિશ્વાસુ અને ફ્રાન્સના સંરક્ષણ મંત્રી સેબેસ્ટિયન લેકોર્નુને પ્રધાનમંત્રી તરીકે નિયુક્ત કર્યા બાદ વિરોધ પ્રદર્શનો શરૂ થયા. અધિકારીઓએ પુષ્ટિ આપી કે અશાંતિના પહેલા કલાકો દરમિયાન 200 થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી , જ્યારે "બ્લોક એવરીથિંગ" ચળવળના બેનર હેઠળ હજારો લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા.

મેક્રોન સરકારે મોટા પાયે અવ્યવસ્થાને રોકવા માટે દેશભરમાં ૪૦ હજાર પોલીસ અધિકારીઓને તૈનાત કર્યા હતા. તે છતાં , વિરોધીઓએ અનેક પ્રદેશોમાં બેરિકેડ ઉભા કર્યા, આગ લગાવી અને પ્રદર્શનો કર્યા.

. . . . .

# CRICKET - ASIA CUP

દુબઈમાં એશિયા કપ ક્રિકેટ સ્પર્ધામાં આજે ભારતનો સામનો સંયુક્ત આરબ અમીરાત સામે થશે.

ભારતીય ટીમ આજે દુબઈ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ગ્રુપ A ના મુકાબલામાં યજમાન UAE સામે પોતાનું અભિયાન શરૂ કરશે. ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં, અફઘાનિસ્તાને ગઈકાલે રાત્રે અબુ ધાબીમાં હોંગકોંગ પર 94 રનથી શાનદાર વિજય મેળવ્યો.

.........

# FOREIGN SECY - UAE

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ આજે નવી દિલ્હીની મુલાકાત દરમિયાન યુએઈના આંતરરાષ્ટ્રીય સહકાર રાજ્યમંત્રી રીમ અલ હાશિમી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત આ વર્ષે જૂનમાં વિદેશ સચિવની તાજેતરની યુએઈ મુલાકાતની અનુગામી હતી. વિદેશ સચિવ અને યુએઈના રાજ્યમંત્રીએ બહુપક્ષીય ભારત-યુએઈ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના સંપૂર્ણ આયામોની સમીક્ષા કરી હતી , જેમાં રાજકીય, વેપાર અને રોકાણ, ઊર્જા, સંરક્ષણ અને સુરક્ષા, શિક્ષણ, અને સંસ્કૃતિનો સમાવેશ થાય છે.

. . . . . . . .

# PM-NORWAY ELECTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નોર્વેના પ્રધાનમંત્રી જોનાસ ગાહર સ્ટોરને ફરીથી ચૂંટાવા બદલ અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી મોદીએ કહ્યું કે તેઓ તમામ ક્ષેત્રોમાં ભારત-નોર્વે ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે શ્રી સ્ટોર સાથે નજીકથી કામ કરવા આતુર છે.

. . . .

# PUNJAB-GOVERNOR-PM-RELIEF

પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયાએ ખાતરી આપી કે આગામી દિવસોમાં પૂરગ્રસ્ત પંજાબ માટે વધુ નાણાકીય સહાય પહોંચાડવામાં આવશે. શ્રી કટારિયાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખાતરી આપી છે કે પંજાબ માટે ભંડોળની કોઈ અછત રહેશે નહીં. આજે મોહાલીમાં મીડિયા સાથે વાત કરતા શ્રી કટારીયા કહ્યું, કે કેન્દ્ર પાસે કોઈપણ રાજ્યને કોઈપણ આફતનો સામનો કરવા માટે નાણાકીય રાહત આપવા માટે યોગ્ય પ્રક્રિયા છે.

. . . . .

# PM-UP/UK VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન , શ્રી મોદી વારાણસીમાં તેમના મોરેશિયસ સમકક્ષ ડૉ. નવીનચંદ્ર રામગુલામનું સ્વાગત કરશે. દ્વિપક્ષીય ચર્ચા દરમિયાન બંને નેતાઓ વિકાસ ભાગીદારી અને ક્ષમતા નિર્માણ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને સહકારના સંપૂર્ણ આયામની સમિક્ષા કરશે. તેઓ આરોગ્ય , શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, ઉર્જા, માળખાગત સુવિધાઓ તેમજ નવીનીકરણીય ઉર્જા , ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ અને બ્લૂ ઈકોનોમી જેવા ઉભરતા ક્ષેત્રોમાં સહયોગ વધારવાની તકો પર પણ ચર્ચા કરશે.

સાંજે, પ્રધાનમંત્રી દહેરાદૂનના પ્રવાસે જશે , અને ઉત્તરાખંડના પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ કરશે. તેઓ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા પણ કરશે.

. . . . . . . . . . . . .

# PUNJAB-NARCO-SMUGGLERS

પંજાબ પોલીસે 12 કિલોગ્રામથી વધુ માદક પદાર્થ અને એક પિસ્તોલ સાથે પિતા-પુત્ર સહિત ચારની ધરપકડ કરી છે. આ કેસમાં આ બીજી ધરપકડ અને રિકવરી છે.

અગાઉ, અમૃતસર કમિશન રેટ પોલીસે 8 કિલોગ્રામથી વધુ માદક પદાર્થ સાથે પાંચ દાણચોરોની ધરપકડ કરી હતી. તાજેતરની ધરપકડોએ પાકિસ્તાન સ્થિત દાણચોરો સાથે સંકલનમાં તરનતારન અને અમૃતસર ગ્રામ્યમાં કાર્યરત સરહદ પારથી કાર્ટેલના વધુ એક મજબૂત જૂથનો પર્દાફાશ કર્યો છે.

. . . . . . . . . . . . .

# BIHAR-NEPAL BORDER

નેપાળમાં હિંસક વિરોધ પ્રદર્શનો અને અથડામણોને ધ્યાનમાં રાખીને , બિહારમાં ભારત-નેપાળ સરહદ પર સુરક્ષા કડક કરવામાં આવી છે. સરહદ પર વેપાર ચોકીઓ અને અન્ય પ્રવેશ સ્થળો પર ખાસ દેખરેખ રાખવામાં આવી રહી છે. બિહાર પોલીસ અને સશસ્ત્ર સીમા દળ સરહદ પાર લોકોની અવરજવર પર નજર રાખી રહ્યા છે. ભારત-નેપાળ સરહદ બિહારમાં 726 કિલોમીટર સુધી ફેલાયેલી છે , જે સાત જિલ્લાઓ , પૂર્વ ચંપારણ , પશ્ચિમ ચંપારણ , સીતામઢી, મધુબની, સુપૌલ, અરરિયા અને કિશનગંજને સ્પર્શે છે.

દરમિયાન, નેપાળના જનકપુર અને ભારતના જયનગર વચ્ચેની રેલ સેવાઓ સ્થગિત કરવામાં આવી છે. નેપાળી અધિકારીઓની વિનંતી પર , આગામી આદેશો સુધી રેલ સેવા સ્થગિત રહેશે.

. . . . . . . . .